# ૪. આધુનિક અરણ્ય

**નિરંજન ભગત**


જાણીતા કવિ નિરંજન નરહરિભાઈ ભગતનો જન્મ ૧૮ મે, ૧૯૨૫ના રોજ અમદાવાદમાં થયો હતો. શાળાકીય શિક્ષણ અમદાવાદમાં અને એમ.એ. સુધીનું શિક્ષણ મુંબઈમાં લીધું હતું. અમદાવાદની વિવિધ આર્ટ્સ કોલેજમાં અધ્યાપન કાર્ય સાથે વિવિધ દૈનિક, માસિક, ત્રિમાસિક, સામયિકના સંપાદક અને તંત્રી તરીકે ફરજ બજાવી.

છંદોલય, કિન્નરી, અલ્પવિરામ વગેરે કાવ્યસંગ્રહો નિરંજન ભગતે આપ્યા છે. મુંબઈ વિશેના કાવ્યોનો ગુચ્છ 'પ્રવાલદ્વીપ' નામે આપ્યો છે. નગર કાવ્યોમાં મુંબઈ મહાનગરની આધુનિક વિષય સામગ્રી કવિએ પીરસી છે. કુમાર સુવર્ણચંદ્રક, નર્મદ ચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક, પ્રેમચંદ સુવર્ણચંદ્રક જેવા અનેક પુરસ્કારો કવિએ સન્માનરૂપે મેળવ્યા છે. ૧૯૯૭ દરમ્યાન ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ અને ટ્રસ્ટી હતાં. ૧ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ તેમનું અવસાન થયું.

**સૂર કૃતિનો**

હાલનો યુગ એટલે મોલ અને મલ્ટીપ્લેક્સનો યુગ. શહેરોમાં વધતી જતી વસ્તીને કારણે શહેરોનું વિસ્તૃતીકરણ થતું ગયું છે. તેથી જંગલોનો નાશ કરીને માણસે ત્યાં 'આધુનિક અરણ્ય' વસાવ્યું. કવિ નિરંજન ભગતે પ્રસ્તુત કાવ્યમાં વિસ્તરેલા શહેરની વ્યથા વર્ણવી છે. અરણ્યમાંના ઝરણાંને બદલે ડામરની સડકો, પક્ષીના ટહુકાને બદલે રેડિયોનું વોલ્યુમ; હિંસક પશુના બદલે હિંસક મનુષ્યો આધુનિક અરણ્યમાં જોવા મળે છે. કાવ્યના અંતે કવિએ કહ્યું છે કે આ અરણ્ય નથી, પણ આ તો છે છલ-રહસ્ય કે જેમાં સ્વયં ભગવાન પણ ભૂલો પડી જાય એવી પરિસ્થિતિ છે.

અરણ્ય, જન જ્યાં અગણ્ય પશુ હિંસ્ર શા ઘૂમતાં;<br>
શિલા શત, સિમેન્ટ, કાચ વળી કાંકરેટે રમ્યું;<br>
ધરાતલ પરે ન ઇન્દ્રધનુ લોહનું હો લચ્યું !<br>
વનસ્પતિ નહીં, ન વેલ, નહીં વૃક્ષ જ્યાં ઝૂમતાં;<br>
વિહંગ નહિ, રેડિયો ટહૂકતો પૂરે વૉલ્યુમે;<br>
નહીં ઝરણ, શી સરે સડક સ્નિગ્ધ આસ્ફાલ્ટની;<br>
ન પ્રેત, પણ આ ઈમારત વિચિત્ર કૈં ઘાટની;<br>
પરીગણ ન, ટ્રામ કાર દિનરાત અહીં તહીં ઘૂમે;<br>
સર્યાં અતલથી નર્યાં સજડ આમ થીજ્યા ઠર્યાં<br>
અહીં નરક નીકળ્યા મલિન ઉષ્ણ નિઃશ્વાસ ? કે



કદીક નિજ સ્વપ્નબીજ અહીં વાવિયાં રાક્ષસે
વિશાલ પરિપક્વ આ સ્વરૂપમાં શું ફાલ્યાં ફળ્યાં ?
અરણ્ય ? છલ આ ! રહસ્ય ? ભ્રમણે અટૂલો ચડ્યો
પુરંદર સ્વયં અહીં નહિં શું હોય ભૂલો પડ્યો ?

### માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆત કરાવતા પહેલા કવિ નિરંજન ભગતના નગરકાવ્યો વિશે માહિતી આપીને વિદ્યાર્થીઓને પ્રસ્તુત કાવ્ય શીખવા માટે ઉત્સુક કરી શકાય. શહેરોમાં સિમેન્ટ-કોંક્રિટની ઈમારતો વિશે ચર્ચા કર્યા પછી હરિયાળીના અભાવની ચર્ચા કરી શકાય.

જંગલોના અસ્તિત્વ સામેના જોખમ બાબત, શહેરોમાં વૃક્ષોના અભાવ બાબત અને બહુમાળી મકાનોની ભરમાર બાબત વિસ્તૃત ચર્ચા કરી શહેરોને આપેલી આધુનિક અરણ્યની ઉપમાને સરળ ભાષામાં સમજાવવાનો પ્રયત્ન કરી શકાય. પ્રશ્નોના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓને ચર્ચામાં સક્રિય રાખવાનો પ્રયત્ન કરી શકાય.


## સ્વાધ્યાય

સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :

(૧) લીસું (૨) મકાન (૩) જંગલ (૪) પૃથ્વી
(૫) પક્ષી (૬) અસ્વચ્છ (૭) લોખંડ (૮) ગરમ

સ. ૨. કાવ્યમાં આવેલા જોડાક્ષરો શોધીને લખો.

સ. ૩. 'અ' પૂર્વગ લગાડી શબ્દો બનાવો :




સ. ૪. યોગ્ય રીતે જોડો : ઉદા. : દિન – રાત

| 'અ' વિભાગ | | 'બ' વિભાગ | |
|---|---|---|---|
| (૧) | ઉષ્ણ | (અ) | નિર્મળ |
| (૨) | મલિન | (આ) | વામન |
| (૩) | નરક | (ઇ) | શીત |
| (૪) | વિરાટ | (ઈ) | સ્વર્ગ |

સ. ૫. કાવ્યમાં વપરાયેલા અંગ્રેજી શબ્દોની યાદી બનાવો.

સ. ૬. આડાઅવળા અક્ષરોને યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ શબ્દો બનાવો :

(૧) ગ | રી | પ | ણ

(૨) પ | ર | રિ | વા

(૩) દ | ર | પુ | રં

સ. ૭. **યોગ્ય પર્યાય શોધી વિધાન પૂર્ણ કરો :**

(૧) ક્યારેક અહીં સ્વપ્નબીજ ______________________

(અ) રાક્ષસે વાવ્યાં છે (આ) દેવે વાવ્યાં છે (ઇ) માનવે વાવ્યાં છે

(૨) ધરતી પર ઇન્દ્રધનુ ______________________

(અ) સોનાનું રચાયું છે (આ) લોખંડનું રચાયું છે (ઇ) સપ્તરંગોનું રચાયું છે

(૩) અહીં પૂરે વૉલ્યૂમે ______________________

(અ) વિહંગનો ટહુકો સંભળાય છે (આ) પશુઓનો અવાજ સંભળાય છે (ઇ) રેડિયો સંભળાય છે

(૪) ઝરણાં નહિ પણ ______________________

(અ) નદી વહે છે (આ) સડકો વહે છે (ઇ) નાળાં વહે છે

સ. ૮. **નીચે આપેલા ચોકઠામાંથી યોગ્ય પર્યાયવાચી શબ્દ શોધો :**

દા.ત. પક્ષી - વિહંગ

(૧) પથ્થર - ________________

(૨) વન - ________________

(૩) દાનવ - ________________

(૪) તરુ - ________________

(૫) છલ - ________________

| | | | | |
|---|---|---|---|---|
| ધ | વિ | શા | લ | અ |
| રા | વૃ | હં | ન | ર |
| રા | ક્ષ | સ | ગ | ણ્ય |
| શિ | લા | ક | પ | ટ |

સ. ૯. **જવાબ લખો :**

**(અ) કાવ્યમાં જેનો ઉલ્લેખ થયો છે તેવી માનવસર્જિત વસ્તુઓ.**

**(બ) કાવ્યમાં જેનો ઉલ્લેખ થયો છે તેવાં નૈસર્ગિક તત્ત્વો.**

સ. ૧૦. **શહેરીકરણે પ્રકૃતિનો ભોગ લીધો છે તે વાત તમારા શબ્દોમાં સમજાવો.**

સ. ૧૧. **નીચેનાં વાક્યોમાંનાં કાળ ઓળખો :**

(૧) ઈમારતો વિચિત્ર ઘાટની બની હતી.

(૨) શહેરોમાં પૂરા વૉલ્યૂમે રેડિયો વાગતો હોય છે.

(૩) પુરંદર સ્વયં અહીં ભૂલો પડ્યો હશે !

(૪) ધરાતલ પર લોહનું ઇન્દ્રધનુ રચાયું છે.

સ. ૧૨. સંધિ વિગ્રહ :

(૧) રામ + ________ = રામાવતાર

(૨) સદા + એવ = ________

(૩) ________ + ઈશ = મહેશ

(૪) ચંદ્ર + ________ = ચંદ્રોદય

(૫) વિદ્યા + અભ્યાસ = ________

★ મોબાઈલ, ટી.વી., કૉમ્પ્યુટર, ઇન્ટરનેટ વગરના એક દિવસની તમારી પ્રવૃત્તિ વિષે તમારા વર્ગના મિત્રોની સાથે ચર્ચા કરો.

## પ્રકલ્પ

★ તમારી આસપાસનાં વૃક્ષોને ઓળખો. તેનું ચિત્ર મેળવો. તેના વિષે પાંચ વાક્યો લખીને ચાર્ટ બનાવો.

## પદ્ય વિશ્લેષણ

★ પ્રસ્તુત કાવ્યના કવિનું નામ , કાવ્યનો પ્રકાર, કાવ્યનો સંદેશો લખો. તેમાંની તમને ગમતી પંક્તિ લખો અને તે પંક્તિ ગમવાનું કારણ પણ જણાવો.

## રસાસ્વાદ

★ નીચેની કાવ્યપંક્તિનો રસાસ્વાદ કરાવો.

અરણ્ય ? છલ આ ! રહસ્ય ? ભ્રમણે અટૂલો ચડયો
પુરંદર સ્વયં અહીં નહિં શું હોય ભૂલો પડયો ?

## લેખન કૌશલ્ય

(૧) 'પર્યાવરણનું રક્ષણ આપણી નૈતિક જવાબદારી' વિષયનું મહત્ત્વ સમજાવતો પત્ર તમારા નાના ભાઈ/બહેનને લખો.

(૨) નીચે આપેલો પરિચ્છેદ વાંચી પાંચ પ્રશ્નો તૈયાર કરો.

મહાસાગરના જળને કોઈ સીમા નથી, ધરતી અને આકાશનું મિલન થતું દેખાય છે, તે દૂર દૂરની રેખા સુધી વિસ્તરે છે. એના અતળ ઊંડાણનો કોઈ તાગ લેતું નથી. એના કાળાં ડિબાંગ જળ ચોમેર વિસ્તરે છે. ત્યાં મહાભયંકર ઝંઝાવાત જાગે છે ત્યારે ડુંગર જેવડાં મોજાં ઊછળે છે. એમાં ફસાયેલા માનવીની આશા મરી જાય છે, એની બુદ્ધિ હણાઈ જાય છે, એની શક્તિ ગુમ થઈ જાય છે, અને છેવટે જેને કોઈ સહાય નથી તેવો તે અંતે ડૂબી જાય છે, મરી જાય છે. એ મહાસાગર જેવી જ ભયાનક નિરાશા છે. એને માપી શકાતી નથી, એનો તાગ લઈ શકાતો નથી, એના તોફાનોનો પાર નથી. એથી એ વિનાશક પણ બને છે. એમાં ફસાયેલો માનવી તરફડે છે, વલખાં મારે છે, શ્રદ્ધા ગુમાવી દે છે, હાથપગ જોડીને બેસી રહે છે. ત્યારે જેમ મહાસાગરમાં ડૂબતા માનવીને જીવનરક્ષક નૌકા – લાઈફ બોટ આધાર આપે છે, બચાવી લે છે, નવું જીવન બક્ષે છે, તેમ આશા પણ આવીને નિરાશાના સાગરમાં વિવશ બનેલા માણસને તારે છે, નવજીવન બક્ષે છે.

6Y6L9H

પ્રકૃતિનું પ્રાણ સમજીને જતન કરો.